૧૫ માં નાણાપંચની ભલામણ અનુસાર અનુદાનની ટાઇડ ગ્રાન્ટનો ઉપયોગ કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંકઃ એફએફસી-૧૦૨૦૨૦-૧૪૯૩૫૭-બ સેલ(પાર્ટ-૧)
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૪/૦૧/૨૦૨૨

વંચાણે લીધાઃ (૧) પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ. વિભાગના ઠરાવ ક્રમાંકઃ એફએફસી-૧૦૨૦૨૦-૧૪૯૩૫૭-ત, તા. ૦૧-૦૫-૨૦૨૦
(૨) પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ. વિભાગના ઠરાવ ક્રમાંકઃ એફએફસી-૧૦૨૦૨૦-૧૪૯૩૫૭-બ સેલ (પાર્ટ-૧), તા. ૧૯-૦૯-૨૦૨૦
(૩) પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ. વિભાગના ઠરાવ ક્રમાંકઃ એફએફસી-૧૦૨૦૨૦-૧૪૯૩૫૭-બ સેલ, તા. ૦૯-૦૮-૨૦૨૧
(૪) પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ. વિભાગના પત્ર ક્રમાંકઃ એફએફસી-૧૦૨૦૨૦-૧૪૯૩૫૭-(પાર્ટ-૧) બ સેલ, તા. ૦૩-૧૧-૨૦૨૧

**પ્રસ્તાવના:**

વંચાણે લીધા (૧) ના ઠરાવથી ૧૫ મા નાણા પંચની ભલામણ અનુસાર વર્ષ ૨૦૨૦-૨૧ માં રાજ્યને મળવાપાત્ર ૫૦% બેઝીક અને ૫૦% ટાઇડ ગ્રાન્ટનો ઉપયોગ કયા હેતુઓ માટે થઇ શકશે તે અંગેની વિગતવાર સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે અને વંચાણે લીધા (૩) ના ઠરાવથી ૧૫મા નાણા પંચની ભલામણ અનુસારની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ છે.

૧૫ માં નાણાંપંચની ટાઇડ ગ્રાન્ટમાંથી પીવાના પાણીની યોજનાઓ માટે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયત દ્વારા કેવા પ્રકારના કામો હાથ ઉપર લેવા અને તેના અમલીકરણની પ્રક્રિયા શું રાખવી, તેના માટેની સુચનાઓ વંચાણે લીધા (૨) ના ઠરાવથી બહાર પાડવામાં આવેલ છે. આ ઠરાવના પારા (૧) થી (૩) માં દર્શાવેલ અમલીકરણની રીતમાં જરૂરી સુધારો કરવા માટે વિકાસ કમિશ્નરશ્રી તરફથી સીંગલ ફાઇલ સીસ્ટમથી રજુ થયેલ દરખાસ્ત તેમજ પાણી પૂરવઠા બોર્ડની રજુઆત ધ્યાને લઇને તદ્દનુસારના સુધારા કરવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવઃ**

પુખ્ત વિચારણાને અંતે વિભાગના તા. ૧૯-૦૯-૨૦૨૦ ના વંચાણે લીધા ક્રમાંકઃ (૨) ના ઠરાવના પારા (૧) થી (૩) માં દર્શાવેલ અમલીકરણની રીતમાં નીચે મુજબના સુધારાઓ બહાર પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

**પારા નં. (૧) ગ્રામ પંચાયત સ્તરે લેવાના થતા કામો:**

**અમલીકરણની રીત :**

ગ્રામ્ય પંચાયત પાણી પુરવઠાને લગતા કામો વાસ્મો અથવા પાણી પુરવઠા બોર્ડ મારફતે અથવા જાતે હાથ ધરી શકાશે. જાતે કામ હાથ ધરવાના કિસ્સામાં રૂ. ૫૦૦૦૦/- થી ઉપરની રકમના હાથ ધરવાના કામના કિસ્સામાં તાંત્રિક મંજુરી તેમજ કમ્પલીશન સર્ટીફીકેટ યથાપ્રસંગ કિસ્સામાં જિલ્લા/તાલુકા પંચાયતની સિંચાઇ શાખા અથવા જિલ્લા / તાલુકા પંચાયતની બાંધકામ શાખા અથવા વાસ્મો અથવા પાણી પુરવઠા બોર્ડ પૈકીના સબંધિત કોઇપણ એક સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવવાનું રહેશે.

પારા નં. (૨)  તાલુકા, જિલ્લા પંચાયત દ્વારા લેવાના થતા કામો:

અમલીકરણની રીત :

જીલ્લા અને તાલુકા પંચાયત પાણી પુરવઠાને લગતા કામો વાસ્મો અથવા પાણી પુરવઠા બોર્ડ મારફતે અથવા જાતે હાથ ધરી શકશે. જાતે કામ હાથ ધરવાના કિસ્સામાં તાંત્રિક મંજુરી તેમજ કમ્પલીશન સર્ટીફીકેટ યથાપ્રસંગ કિસ્સામાં જિલ્લા/તાલુકા પંચાયતની સિંચાઇ શાખા અથવા જિલ્લા / તાલુકા પંચાયતની બાંધકામ શાખા અથવા વાસ્મો અથવા પાણી પુરવઠા બોર્ડ પૈકીના સબંધિત કોઇપણ એક સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવવાનું રહેશે. તેમજ પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૦૯-૦૮-૨૦૨૧ "પંચાયતી રાજ સંસ્થાઓના આવકના સાધનો સંગીન બનાવવા ૧૫માં નાણાપંચની ભલામણ અનુસારની માર્ગદર્શિકા" અંગેના ઠરાવની જોગવાઇનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

પારા નં. (૩)  રદ ગણવાનો રહેશે.

વધુમાં પંચાયતો દ્વારા કરાવવામાં આવનાર કામો સંદર્ભે નીચે મુજબની સુચનાનો અમલ કરવાનો રહેશે.

(૧) રૂપિયા ૨૫ લાખ સુધીના કામો સંદર્ભે તાંત્રિક મંજુરી તેમજ કમ્પલીશન સર્ટીફીકેટ આપવા માટે જીલ્લા પંચાયત હસ્તકની સિંચાઇ / બાંધકામ શાખાના સક્ષમ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

(૨) રૂા. ૨૫ લાખ ઉપરના કામોની તાંત્રિક મંજુરી / કમ્પલીશન સર્ટિફીકેટ તેમજ અમલવારી વાસ્મો અથવા ગુજરાત પાણી પૂરવઠા બોર્ડ મારફતે કરાવવાની રહેશે.

વિભાગના તા. ૦૩-૧૧-૨૦૨૧ ના વંચાણે લીધા ક્રમાંકઃ (૪) ના પત્રથી આપવામાં આવેલ સુચનાઓ રદ ગણવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૩૧-૧૨-૨૦૨૦ ના રોજ મળેલ સંમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(કમલેશ મહેતા)
ઉપ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ
અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. વિધાનસભાના અધ્યક્ષશ્રી/ ઉપાધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી,
- તમામ મંત્રીશ્રીઓ / રા.ક. મંત્રીશ્રીઓ ના અંગત સચિવશ્રી,
- માન. રાજ્યકક્ષાના.મંત્રીશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી,
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (પં) ના અંગત સચિવશ્રી, પં.ગ્રા. ગૃ.નિ. અને ગ્રા. વિ.વિભાગ

- સચિવશ્રી, (પાણી પૂરવઠા), ન.જ.સં. પા.પૂ. અને કલ્પસર વિભાગ,
- ગુજરાત રાજ્યના સર્વે સંસદસભ્યશ્રીઓ,
- ગુજરાત રાજ્યના સર્વે ધારાસભ્યશ્રીઓ,
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ, રાજકોટ,
- સચિવાલયોના સર્વે વિભાગો,
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર,
- નિવાસી તપાસણી અધિકારી, ગાંધીનગર,
- સર્વે જીલ્લા સહાયકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ,
- નાણાકિય સલાહકારશ્રી, (પંચાયત), પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- સેક્શન અધિકારીશ્રી, "બ સેલ" શાખા,
- સીસ્ટમ મેનેજરશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા પ્રસ્તુત પરિપત્ર પંચાયત વિભાગની વેબસાઇટ પર મુકવા યોગ્ય કાર્યવાહી અર્થે,
- નાયબ સેક્શન અધિકારીશ્રી, "બ સેલ" શાખા,
- શાખા સિલેક્ટ ફાઇલ,